RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 285 *Date: 04.08.2024,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# શાંતિ સમજૂતી થયાના ૨૪ કલાકમાં મણિપુરમાં ફરી હિંસા ભડકી, ઘરમાં કરાઈ આગચંપી



શાંતિ સમજૂતી થયાના ૨૪ કલાકમાં જ મણિપુરમાં ફરી એક વખત હિંસા ભડકી ઉઠી છે. મણિપુરના જિરીબામમાં શાંતિ સમજૂતી કરવાના પ્રયાસો માટે મૈતેઈ અને હમાર સમુદાયો વચ્ચે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર થયાના એક દિવસ બાદ જ તણાવ પેદા કરનારી ઘટના સામે આવી છે. અહીં ગોળીબાર કરવામાં આવ્યો છે અને એક ખાલી પડેલા મકાનને આગ ચાંપી દેવામાં આવી છે. અધિકારીઓએ શનિવારે આ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, શુક્રવારે રાત્રે લાલપાણી ગામમાં એક ખાલી મકાનને હથિયારધારી લોકોએ આગ ચાંપી દીધી હતી. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના એક તદ્દન જ અલગ વસાહતમાં બની હતી જ્યાં મૈતેઈ સમુદાયના કેટલાક લોકોના ઘરો છે અને જિલ્લામાં હિંસા ફાટી નીકળી ત્યારથી આમાંથી મોટાભાગના મકાનો ખાલી પડ્યા છે. બદમાશોએ વિસ્તારમાં સુરક્ષાકર્મીઓની ગેરહાજરીનો ફાયદો ઉઠાવીને આગચંપી શરૂ કરી દીધી હતી. બદમાશોની ઓળખ નથી થઈ શકી.અધિકારીઓએ જણાવ્યું કે હથિયારધારી લોકોએ વસાહતને નિશાન બનાવીને ગોળીબાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે ઘટના બાદ સુરક્ષા દળોને વિસ્તારમાં મોકલી દેવામાં આવ્યા છે. ગુરુવારે આસામના કછારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (ઝઈૅહ્ન) ના એક પ્રતિષ્ઠાનમાં યોજાયેલી બેઠકમાં મૈતેઈ અને હમાર સમુદાયના પ્રતિનિધિઓ વચ્ચે સમજૂતી થઈ હતી. આ બેઠકનું સંચાલન જિરીબામ જિલ્લા વહીવટીતંત્ર, આસામ રાઈફલ્સ અને ઝઈૅહ્ન દ્વારા હાથ કરવામાં આવ્યું હતું જેમાં જિરીબામ જિલ્લાના થાડૌ, પૈતે અને મિઝો સમુદાયના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.આ સમુદાયના પ્રતિનિધિઓ દ્વારા જારી કરવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બેઠકમાં એ સંકલ્પ દેવામાં આવ્યો છે કે, બંને પક્ષ સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે તથા આગચંપી અને ગોળીબારની ઘટનાને રોકવા માટે સંભવ તમામ પ્રયાસ કરશે. બંને પક્ષ જિરિબામ જિલ્લામાં કાર્યરત સમામ સુરક્ષા દળોને સંપૂર્ણ સહયોગ આપશે. આગામી બેઠક ૧૫ ઓગષ્ટના રોજ થશે. ગત વર્ષના મે મહિનાથી મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે ચાલુ જાતીય હિંસામાં ૨૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે અને હજારો લોકો બેઘર થયા છે.

# વધુ એક યુદ્ધની તૈયારી, અમેરિકાએ મધ્યપૂર્વમાં ફાઈટર જેટ, વોરશિપ તહેનાત કર્યા, ઈઝરાયલની બનશે 'ઢાલ'

આંતકવાદી સંગઠન હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ ઈરાન દ્વારા ઈઝરાયલ પર હુમલાનો ભય વધી ગયો છે. જેના કારણે વિશ્વમાં વધુ એક મોટા પાયે યુદ્ધ ફાટી શકે છે. અમેરિકાએ પહેલેથી જ કહ્યું છે કે ઈરાન હાનિયાના મોતનો બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. આ સ્થિતિ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલની સુરક્ષા માટે મધ્ય પૂર્વમાં ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે. તેહરાનમાં હમાસ નેતા અને બેરૂતમાં હિઝબુલ્લાહના કમાન્ડરની હત્યા બાદ ઈરાન અને તેના સાથીઓ દ્વારા બદલો લેવાની ધમકી બાદ અમેરિકા હરકતમાં આવી ગયું છે.

અમેરિકાએ નિવેદન આપ્યું છે કે, અમેરિકન રક્ષા વિભાગ મધ્ય પૂર્વમાં ફાઈટર જેટ સ્ક્વોડ્રનને તહેનાત કરશે. તે આ વિસ્તારમાં એરક્રાફ્ટ કેરિયરની જાળવણી કરશે. પેન્ટાગોને કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને ઈરાનના હુમલાથી ઈઝરાયલને બચાવવાની તૈયારીના ભાગરૂપે આ પગલાં લીધા છે.

આ નિર્ણય અમેરિકન સૈનિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા અને અમેરિકન સૈન્યની હાજરીને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે. પેન્ટાગોને ઈરાન સામે પ્રતિરક્ષા તરીકે આવતા વર્ષ સુધી આ ક્ષેત્રમાં એક એરક્રાફ્ટ કેરિયર તહેનાત રાખવાનો નિર્ણય લીધો છે. જો કે, ફાઈટર જેટ સ્ક્વોડ્રન ક્યાંથી આવશે અને તેને મધ્ય પૂર્વમાં ક્યાં તહેનાત કરવામાં આવશે તે જાણી શકાયું નથી.



રક્ષા સચિવ લોયડ ઓસ્ટીને યુરોપ અને મધ્ય-પૂર્વમાં એક્સ્ટ્રા બેલેસ્ટિક મિસાઈલ તહેનાત કરવાના આદેશ આપ્યા છે. તેની સાથે જમીનથી હુમલો કરી શકે તેવા હથિયારો મોકલવાની પણ તૈયારી શરુ કરી દેવાઈ છે. ગુરુવારે બપોરે જો બાઈડનની ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની વાતચીતમાં, અમેરિકન બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સંભવિત હુમલાઓ સામે રક્ષણ આપવા માટે અમેરિકાના સૈન્યની તહેનાતીની ચર્ચા કરી હતી.

## અરવલ્લી : શામળાજી પોલીસે ટ્રકમાંથી ૧૨.૯૩ લાખના દારુ સાથે ૪૦.૮૮ લખાનો મુદ્દામાલ ઝડપ્યો

અરવલ્લી જીલ્લા જીૅ શૈફાલી બારવાલ પ્રોહિબિશનની સખ્ત અમાલવારી માટે કટિબદ્ધ હોવાથી દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલો કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા નિતનવા કીમિયા અપનાવી રહ્યા છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા નાના-મોટા વાહનોનું સઘન ચેકિંગ હાથધરી બાતમીદારો સક્રિય કરી લાખ્ખો રૂપિયાના વિદેશી દારૂની ખેપ નિષ્ફળ બનાવી રહી છે અણસોલ નજીક વિદેશી દારૂની બોટલ પર લગાવવાના વિવિધ બ્રાન્ડના સ્ટીકર ભરેલ ખોખાની આડમાં ઘૂસાડાતો ૧૨.૯૩ લાખના વિદેશી દારૂ સહિત ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ડ્રાઈવર ખેપિયાને દબોચી લીધો હતો

એસ.કે.દેસાઈ અને જીૅ એન.એસ.બારા તેમની ટીમ સાથે રાજસ્થાન રાજ્યને અડીને આવેલ આંતરરાજ્ય સરહદો પર રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ અને ચેકિંગ હાથધરતા રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાન તરફથી ટ્રકમાં વિદેશી દારૂ ભરી ગુજરાતમાં ઠાલવવા નીકળ્યો હોવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની બાતમી આધારીત ટ્રક આવતા અટકાવી તલાસી લેતા ટ્રકમાં મોટી માત્રામાં પૂંઠાના બોક્સની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૬૬૭૨ કિં.રૂ. ૧૨૯૩૧૨૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક અજય શીભુ મેઘવાલને દબોચી લઇ વિદેશી દારૂ, ટ્રક,મોબાઈલ સહિત મુદ્દામાલ મળી કુલ રૂ. ૪૦.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સુનિલ નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# રાજ્યમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણના વધતાં વ્યાપ સાથે વધી રહેલી ફાયર સેફ્ટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓમાં આકસ્મિક જરૂરી અગ્નિશમન વાહનો – સાધનો ફાયર વ્હિકલ્સ એન્ડ ઈક્વિપમેન્ટસ ખરીદી માટે કુલ ૬૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.ગુજરાત દેશના વિકાસનું રોલમોડેલ સ્ટેટ છે અને તેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. એટલું જ નહીં, ફાયર સેફ્ટીની જરૂરિયાતો પણ વધી છે.મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ સંદર્ભમાં




પ્રજાકીય પ્રતિનિધિઓ અને સ્થાનિક અગ્રણીઓએ કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક શહેરી સત્તા તંત્ર તેમની પાસેના અદ્યતન ફાયર સેફ્ટી સાધનોથી સજ્જ રહે તેવા સલામતિ-સુરક્ષાના અભિગમથી આ રકમ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કરી છે.નગરપાલિકાઓની અગ્નિશમન વાહનો અને સાધનોની જરૂરીયાતો અનુસાર તેની ખરીદી ગુજરાત શહેરી વિકાસ કંપની(જી.યુ.ડી.સી.) કરીને સંબંધિત નગરપાલિકાઓને ફાળવણી કરશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નગરપાલિકાઓમાં ૧૮ મીની ફાયર ટેન્ડર, ૨૧ વોટર બાઉસર, ૨૯ વોટર કમ ફોમ ટેન્ડર અને ૨ ઈલેકટ્રીક રેસ્ક્યુ બોટ મળી નગરપાલિકાઓ માટે ૭૧ વાહનો ખરીદી માટે કુલ રૂ. ૬૩.૦૨ કરોડની ગ્રાન્ટ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. રાજ્ય સરકારે ૨૦૨૦થી ૨૦૨૪ના વર્ષ દરમ્યાન નગરપાલિકાઓને ૮૫ વાહનો ફાળવેલા છે તથા અન્ય ૧૯ વાહનો ફાળવણીની પ્રક્રિયામાં છે.મુખ્યમંત્રીશ્રીએ આ નગરપાલિકાઓને ફાળવનારા અગ્નિશમન વાહનોમાં જી.પી.એસ. ટ્રેકિંગ સીસ્ટમના ઉપયોગ તથા તેના ડેટાને સી.એમ. ડેશબોર્ડ સાથે લીંક કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અગ્નિશમન વાહનો સાધનોની ખરીદી માટે માતબર નાણાં ફાળવણીની આપેલી આ સૈદ્ધાંતિક મંજુરીને પરીણામે નગરોમાં પ્રજાજીવનની જાનમાલ સુરક્ષા-સલામતી વધુ સુદ્રઢ અને સુનિશ્ચિત થશે.

## તંત્રી લેખ....

# સ્ટોક એક્સચેન્જના ડેટા પર નજર

શેરબજારમાં હાલમાં ચાલી રહેલી અભૂતપૂર્વ તેજી સામે અનેક નિષ્ણાતો દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી રહી હોવા છતાં રિટેલ રોકાણકારો તથા ઘરેલુ ફન્ડ હાઉસો ચેતવણીને અવગણી ઈક્વિટીસમાં નાણાં ઠાલવવાથી અટકતા નહીં હોવાનું પ્રાપ્ત આંકડા પરથી સમજી શકાય એમ છે. સ્ટોક એક્સચેન્જના ડેટા પર નજર નાખવામાં આવે તો જણાય છે કે, વર્તમાન વર્ષમાં રિટેલ રોકાણકારોએ ઈક્વિટીસમાં અત્યારસુધીમાં રૂપિયા એક લાખ કરોડથી વધુ નાણાં ઠાલવ્યા છે જ્યારે મ્યુચ્યુઅલ ફન્ડસનું ઈક્વિટીસમાં ઈન્વેસ્ટમેન્ટસ રૂપિયા બે લાખ કરોડને પાર કરી ગયું છે.રિટેલ તથા મ્યુચ્યુઅલ ફન્ડસ ઉપરાંત વીમા કંપનીઓએ પણ સ્થાનિક ઈક્વિટીસમાં વર્તમાન કેલેન્ડર વર્ષમાં રૂપિયા ૧૮૦૦૦ કરોડથી વધુ ઠાલવ્યા છે. વર્તમાન રેલીનો લાભ લઈ બેન્કોએ રૂપિયા ૯૬૦૦ કરોડની નેટ વેચવાલી કરી હોવાનું પણ પ્રાપ્ત આંકડા પરથી જણાય છે.એક તરફ રિટેલ રોકાણકારો અને ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોની સતત ખરીદી જળવાઈ રહી છે ત્યારે બીજી બાજુ વર્તમાન વર્ષમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ચાલ અસ્થિર જોવાઈ રહી છે. વિદેશી રોકાણકારો કઈ દિશામાં છે તે કળવું મુશકેલ છે. ૨૦૨૪ના પ્રારંભથી સતત વેચવાલ રહ્યા બાદ વિદેશી રોકાણકારો તાજેતરમાં પસંદગીના શેરોમાં લેવાલ નીકળતા તેઓ રૂપિયા ૩૦,૬૦૦ કરોડના નેટ ખરીદદાર બની રહ્યાનું ડીપોઝિટરીના આંકડા જણાવે છે.

# દરોડા દરોડા રમીએ

તમે હાલની પરિસ્થિતિથી કંટાળ્યો છો? માસ્ક ,સેનેટાઈઝર , વેકસિન, દવા, ઈન્જેકશ, ઓકસિજનના ધાંધિયાથી અકળાયેલા છો? કંઈક હટકે કરવા કે જીવવા ઈચ્છો છો? મોનેટોનસ જીવનથી ફેડઅપ થયા છો? જબરું બોરિયત ફીલ કરો છો? કંઈક થ્રીલ ફિલ કરવું છે? જીવન પ્રવૃતિમય કરવું છે?

તમારી મુશ્કેલીઓ આફતને અવસરમાં પલટાવવી છે? તો કમર કસીને તૈયાર થઈ જાવ. દોસ્તો તુમ્હારા પડોશવાલા કે પડોશવાલી કા દિલ થાન કે બેઠો!! ( બોસ માહોલ જામી ગયોને? આમ, માહોલ જમાવો અટલે અડધો જંગ જીતી ગયા. શું કહો છો? જવાબ- તમે બધું કીધું છે મને કયાં તક મળી છે)

તમે કદી જે રમત રમ્યા નથી તે રમત રમીએ. ચાલો દરોડા દરોડા રમીએ!!

આ રમત રમવા માટે ચમચમાતી ત્રણ ચાર કાર, બે ત્રણ સૂટ પહેરેલા કોથળા, અંક બે ફ્રેન્ચ કટ દાઢીવાળા, એક બે ચાલવાના પ્રભાવશાળી અધિકારી. વેઈટ પ્રભાવશાળી અને અધિકારી. યહ બાત હજમ નહીં હુઈ. પ્રભાવશાળી હોય તે અધિકારી ન હોય અને વાઈસે વરસા અધિકારી હોય તે પ્રભાવશાળી ન હોય. જે આર્ટિકલ એકત્ર કરીએ એમાં સાઉથ ઈન્ડિયન એસેન્ટવાળા અધિકારી જોઈશે. થોડાંક બબુચક કલાર્ક તેમજ પ્યુન, ડ્રાઈવર ટાઈપ પણ જોઈશે. નાની મોટી સાઈઝના બિલોરી કાચ ,સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી,છીણી, કરન્સી નોટ ગણવાના મશીન પણ લોકેશન પર હાજરાહજૂર જોઈશે . હિસાબની માથાફોડ કરવા સીએ અને લટકણિયા જોઈશે. ભીડને કંટ્રોલ કરવા પોલીસ પેરા મિલિટરી ફોર્સ, ફોટોગ્રાફી માટે રીસોર્સ પર્સન જોઈશે.આમ તો હાથકડી , દોરડું ફોટોગ્રાફર પણ જોઈશે.

મનમાં નક્કી કરો કે દરોડો પાડવો છે એટલે કામની ઈતિશ્રી થશે નહીં . દરોડાનું સ્વરૂપ અને પ્રકાર નક્કી કરવા પડશે. એ પછી દરોડા પાડવાના સત્તાધીશ બનવું પડે. ન સમજાયું ?? ઉદાહરણ તરીકે કવિની બિનહિસાબી બે નંબરની કવિતા મોટાભાગે તથાકથિત પ્રેયસી કે એકતરફી પ્રેયસીને ઉદેશીને લખેલ હોય!! આવા લબડું ગબડું કવિને ત્યાં દરોડો પાડવા વિવેચકને મોકલવા કરતાં કવિના માથાભારે ને માથાફરેલા શ્રીમતી દરોડો પાડશે તો દરોડો સફળ થશે.

શ્વાસના જાણીતો સ્ત્રોત કરતાં અપ્રમાણસર ઉચ્છવાસ ધરાવનારને ત્યાં એસીબીની રેડને બદલે રદીવાળો કે પસ્તીવાળો રેડ કરે તો રેડ સફળ જ રહેશે.

કોને ત્યાં અને કયા કારણસર દરોડો પાડવો તેની ગુપ્ત માહિતી ખુલ્લી રીતે તે વિસ્તારના પાનવાળા, ચાવાળા કે સિકસુરીટી કે ડ્રાઈવરને કળી ચુનો ફોડીએ તેમ ફોડવાથી મળશે.

કયા અને ક્યારે દરોડો પાડવો તે પણ અગત્ય ધરાવે છે. જેમ કે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરીકે મીઠાઈવાળાને ત્યાં વહેલી સવારે દરોડા પાડવાના બદલે સવારે કે સાંજે દરોડો પાટવાથી નાસ્તાનો પ્રોબ્લેમ આપોઆપ સોલ્વ થઈ જશે અને ટ્રાન્જેકશનની ખબર પડશે તે લટકામાં.

અખબાર સમુહ પર દરોડો પાડવાથી આ બૈલ મુજે માર જેવી ફજીહત થશે.

ઈન્કમ ટેકસ કે એન્ફોર્સમેન્ટ અધિકારી તરીકે દરોડો પાડો તો તુમાખીની માત્રા ફૂલ રાખવી અને ભૂલમાં પણ ગુજરાતી ભાષા આવડતી હોય તે પણ ઈંગ્લિશમાં જ ફફડાવવું નહીં તો કોઈ તમને યેડા સમજશે. આ દરોડામાં ત્રેંત્રીલ ટકા સ્ટાફ સાઉથ ઈન્ડ્યન રાખવો .જે તામિલ કે મલયાલમ લહેકા અને લહેજામાં હિન્દી-ઈંગ્લિશમાં બોલશે અટલે દરોડાની ગ્રેવિટી આપોઆપ આવશે.

ચાલો હવે ખરેખર દરોડો પાડીએ. તમને થશે કે કયાં સ્થળે,કોને ત્યાં,કેટલા વાગ્યે દરોડો પાડવાનો છે? ખલાસ તમે સીતાનું હરણ થયા પછી હરણની સીતા થઈ કે નહીં જેવો ચાઈલ્ડીશ સવાલ કરો છો? અરે ભાઈ ખાનગી કામગીરી છે. તેના વોટસએપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર સ્ટેટસ અપડેટ ન કરવાના હોય!! ચુપચાપ ઓફ્સના દરોડાના ડબ્બા ગાડીમાં બેસી જાવ. ફોન લેપટોપ જમા કરાવી દો. ફિલ્મોમાં કિડનેપર જેનું કિડનેપિંગ કર્યું હોય તેની આંખે કાળા કલરની પટી બાંધે છે તેમ પટી બાંધી નથી.

ચલો ધડાધડ ઉતરી જાઓ અને ગુરૂ હો જા શરૂં!! માથે ફેલ્ટ અને લોંગ ઓવરકોટ અને હોલબુચ પહેરેલા મહાન જાસૂસ કરમચંદ કે વ્યોમકેશ બક્ષીની માફક જાડા મોટા બિલોરી કાચ લઈ છાનબીન શરૂં કરો. બેત્રણ જઈને લોકપ તિજોરીની ચાવી માંગો. ન મળે તો ડીજીટલ પાસવર્ડ વાળા લોકર છીણી હથોડાથી તોડી લોકરની તલાશી લો. આ શું? લોકરમાંથી દોઢસો વરસ જુના છાપા નીકળ્યા? ઓહ નો!! નક્કી કંઈ કોડવર્ડ માટે છાપા રાખ્યા લાગે છે!!
બે ચાર જણ દિવાલ પરના કરોળિયાના જાળા ચકાસો. તેમાં સોના ચાંદી છુપાવ્યા હશે?

અરે પેલા મુનીમને બધા માટે ગરમ નાસ્તો -ચાની વ્યવસ્થા કરવાનું કહી દો. એ તો એના જ ખર્ચે હોયને કમિશનરના ગગાના લગ્ન થોડા લીધા છે. પેલા પીઆરઓને કહી દો કે પ્રેસ રીલીઝ કરી દે કે દરોડામાં સંદિગ્ધ અસંદિગ્ધ વાંધાજનક પુરાવા હિસાબી ચોપડા સાહિત્ય મળેલ છે. દરોડા મોડી રાત કે સવાર સુધી ચાલશે,.

અરે, યાર પેલા મુખબીર,ખબરી, બાતમીદારને આપણા વહીવટદારનો નંબર આપી દો . જેથી અંડર ટેબલ ભીનું સંકેલી શકાય!!!

ભરત વૈષ્ણવ

# એક મિનિટમાં એમબીએ થવું છે? તો રાજુ રદી જાલી યુનિવર્સિટીમાં એડમિશન લો!

‘ગિરધરલાલ, તમે સ્કૂલે ભણવા ગયેલ? ‘ રાજુ રદીએ સવાલનો ચોરસ ગોળો મારા તરફ ફેંક્યો . રાજુ રદી સાંસદ કે ધારાસભ્ય નથી. જો કે, તે સારું જ નહીં ઘણું એટલે કે બહુ સારૂં છે. અન્યથા રાજુ રદી એટલા બધા તારાંકિત, અતારાંકિત, ટૂંકી મુદતના , લાંબા સમયના પ્રશ્નો પૂછતો હોત . પરિણામે પ્રશ્નોના પ્રાસના ત્રાસથી કંટાળીને સંસદ કે ધારાસભાનો સ્ટાફ નારાજીનામા આપી દીધા હોત!

‘ હે, બાલક બુધ્ધિ, સવાલજીવી તારા સડેલા મગજમાંથી આવો પ્રશ્ન કેમ ઉદ્દભવ્યો ?’ મેં રાજુ રદીને ફટકાર લગાવી.

‘ ગિરધરલાલ, તમે શાસક પક્ષની જેમ સવાલ ઉડાવો નહીં. તમે જવાબ આપો.’ રાજુ રદીએ સવાલ દોહરાવ્યો.

‘ રાજુ, મેં ગ્રેજયુએશન કર્યા પછી ઈન્ટર કરેલ.( સૌજન્ય મોટાભાઈ!) ‘ મેં કટાક્ષ કર્યો.

‘ ગિરધરલાલ, તમે ધૂડી નિશાળમાં અભ્યાસ કરેલો?’ રાજુ રદીએ બીજો સવાલ દાગ્યો.

‘ હા’ મે સંક્ષેપમાં જવાબ આપ્યો

‘ ગિરધરલાલ , એ સમયે અમારા જમાના જેવ ફાઈવ સ્ટાર સ્કૂલો કયાં હતી કે સ્કૂલમાં સ્વિમિંગપુલ,જીમ,કેન્ટિન, ઘોડેસ્વારી,ફેન્સિંગ( તલવારબાજી), કરાટે, એરોબિકસ, ડાન્સિગ,સેન્ટ્રલ એસી સ્કૂલ હોય? આજના સમયમાં શિક્ષણ સિવાય તમામ ફેસેલિટી સ્કૂલોમાં હોય છે!’ રાજુએ સાંપ્રત સ્કૂલો પર કટાક્ષ કર્યો.

‘ અમારા પર ભણતર કે ભણતરના ભાર સમાન અને કમર બેવડ વળી જાય તેવી સ્કૂલબેગનો ભાર ન હતો. અમે ટેસથી ભણતરનો લુફ્ત ઉઠાવતા હતા’ મેં રાજુને સ્કૂલાનુભવ શેર કર્યો. મારી વાત સાંભળીને રાજુની આંખમાં ઈર્ષાની ચિનગારી પ્રગટી.

‘ ગિરધરલાલ,સ્કૂલમાં તમને ક્યારેક મોટા થઈને પૂછયુ હશે કે તમે મોટા થઈને શું બનશો? મોટા થઈને શું થવાની તમારી શી ખ્વાહિશ હતી?’ રાજુએ હાઈપોથિટિકલ સવાલ પૂછયો.

‘ રાજુ,અમારી સ્કૂલમાં મોટા ભાગે બધા છોકરા-છોકરીઓ ડોકટર, એન્જિનિયર, આઈએએસ,પાઈલોટ, એસ્ટ્રોનૌટ બનવાની ખ્વાહિશ વ્યક્ત કરતા. મેં તો એસએસસી પાસ થઈ ક્લાર્ક બનવાની ઈચ્છા જાહેર કરી તો કલાકને સાપ સૂંઘી ગયો હોય તેવો સોંપો પડી ગયેલ .’ મે રાજુને મારી કમસીન ખ્વાહિશ જણાવી.

‘ ગિરધરલાલ કોઈએ એમબીએ એટલે માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન થવાની ઈચ્છા જાહેર ન કરેલ?’ રાજુએ પાયાનો સવાલ પૂછયો.

‘ રાજુ જે છોકરા-છોકરીએ ડોકટર થવાનું કહેલ તે કંપાઉન્ડર કે ફાર્માસિસ્ટ થયેલ હશે. આઈએએસ થવાનું કહેનાર ક્યાંય તાલુકા પંચાયતમાં ચપરાશી થયેલ હશે. એ વખતે એમબીએનું ફૂલ ફોર્મ પણ કોઈને આવડતું ન હતું. કોઈ પણ કંપનીની સફળતા કે નિષ્ફળતા એમબીએને આભારી હોય છે. સરકારી કંપની કે જાહેર સાહસોમાં કવોલીફાઈડ મેનેજરોને બદલે આઈએએસ અધિકારીઓ મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામ કરતા હોવાથી સરકારી કંપની કે જાહેર સાહસો લાખના બે હજારનો ખોટનો ધંધો કરતા ધોળા હાથી પુરવાર થયા છે.’ મેં સરકારી કંપનીના કામનો નિચોડ કાઢ્યો .

‘ ગિરધરલાલ, એમબીએનો કોર્સ ક્યારે શરૂ થયેલ અને કેટલી કોલેજોમાં કોર્સ ચાલે છે?’ રાજુએ પૂછયું.

‘ રાજુ, ૧૯૫૩ માં એમબીએનો કોર્સ ચાલ થયેલ. આઈઆઈએમ સહિત ૫,૭૦૦ કોલેજોમાં ૩૦૦૦ કોર્સ ચાલે છે.’ મે રાજુને કહ્યું.

‘ ગિરધરલાલ, એમબીએનો કોર્સ કેટલા વરસનો હોય ? ‘ રાજુએ પૂછયું

‘ રાજુ, સામાન્ય રીતે એક રેગ્યુલર એમબીએ અથવા પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ કોર્સ ચાલતા હોય છે. જે ગ્રેજયુએશન પછી થઈ શકે છે. જે બે વર્ષનો હોય છે., કેટલીક ખાનગી સંસ્થાઓમાં એક વરસની મુદતનો પીજીડીએમ આ (પી.જી.ડી.એમ) ડિપ્લોમા કોર્સ ચાલતો હોય છે. કેટલીક જગ્યાએ પાંચ વરસનો ઈન્ટિગ્રેટેડ કોર્સ પણ હોય છે. જેમાં ત્રણ વરસે બીબીએ અને પાંચ વરસે એમબીએની ડીગ્રી આપવામાં આવે છે.’ મેં રાજુને વિગતો આપી.

‘ ગિરધરલાલ, કયા વિષયોમાં એમબીએ કરવામાં આવે છે?’ રાજુની જિજ્ઞાસા ઓછી થતી જ ન હતી.

‘ એમબીએના કોર્સમાં ખર્ચ, બજેટિંગ, આંતરરાષ્ટ્રીય નાણાં અને મૂડી વ્યવસ્થાપન જેવા વિષયો શીખવવામાં આવે છે. આ વિષયોનો અભ્યાસ કરીને, તમે નાણાકીય વ્યવસ્થાપનના વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત બની શકો છો.જેમાં
માર્કેટિંગ,ફાઈનાન્સ હ્યુમન રિસોર્સ ઈન્ટરનેશનલ બિઝનેસ ,
ઓપરેશન ,સપ્લાય ચેઈન મેનેજમેન્ટ હેલ્થ કેર મેનેજમેન્ટ
ઈન્ફોરમેશન ટેકનોલોજી,રુરલ મેનેજમેન્ટ,એગ્રીબિઝનેશ મેનેજમેન્ટનો કોર્સ પણ કરી શકાય છે.’ મે એમબીએના કોર્સની માહિતી આપી.

‘ એમબીએ કરનારને નોકરીની તકો કેવી મળે?’ રાજુને જે રસ્તે જવું ન હોય તેનું જ જાણવાની ભૂખ હતી .

‘બીજી ડીગ્રી લેનાર માટે નોકરી જાતી હૂં મેં જેમ ગીત ગાય છે. બીજા લોકો નગરી નગરી દ્વારે દ્વારે ઢુંઢું રે નોકરીયા જેવો ઘાટ થાય છે. એમબીએ સિવાયના લોકો અરજી લખી લખી થાકી એમ્પ્લોયર તારા મનમાં નથી જેવા મજબુરી રાગનું ગાયન ગાય છે. જ્યારે એમબીએ કરનાર માટે તો કંપની લાલ જાજમ પાથરે છે. એકવીસ તોપની સલામી જ આપવાનું બાકી રહે છે.એમબીએ કરનારને છેલ્લા વરસે કેમ્પસ પ્લેસમેન્ટની તક મળે છે. જેમાં પચાસ લાખ રૂપિયાથી કરોડ રૂપિયા ઉપરાંતના પેકેજ કંપનીઓ ઓફર કરે છે. ઘણા સ્ટુડન્ટ ઓફર કરાયેલ નોકરીને ઠોકર મારીને ખુદનો ધંધો શરૂ કરે છે. એક વ્યક્તિએ એમબીએ ચાયવાલા નામથી ચા વેચવાની શરૂઆત કરીને બેત્રણ વરસમાં ખુદની મર્સિડિઝ ખરીદેલ. ‘ મે રાજુ પર શ્રીકાર વિગતવર્ષા કરી.

‘ગિરધરલાલ, કોઈ યુટયુબરે હમણા દસ દિવસનો એમબીએ કોર્સ ઓફર કર્યો છે , વાત ખરી છે?’ રાજુએ સાંપ્રત સવાલ કર્યો , શિક્ષણના નામે કેવા કેવા ધૂપ્પલ ચાલે છે? બિહારમાં કોઈ સ્થળે સવારે જાવ, બે હજાર રૂપિયા ઢીલા કરો અને એ લોકો તમને સાંજે ગ્રેજયુએટની ડીગ્રી આપે!

‘ રાજુ, લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખ્યા ન રહે. કોઈ યુટયુબરે બે વરસના એમબીએના કોર્સની વિકલ્પે દસ દિવસમાં એમબીએ કરાવવા જાહેરાત આપી. લોકો તો તીડની જેમ તૂટી પડશે!’ મેં રાજુને એકટ ઓફ ફ્રોડની વિગતો આપી.

રાજુ રદી પણ વિચિત્રતાનું પોટલું છે. બંડલ ઓફ બેવકૂફી. રાજુએ એક મિનિટમાં એમબીએ કરાવવાના કોર્સની જોરશોરથી જાહેરાત કરી રહ્યો છે. જેમાં એડમિશન લેનારને એમબીએ બોલવાનું કહેવામાં આવશે અને એડમિશન લેનાર એમબીએ બોલશે એટલે ડીગ્રી એનાયત કરાશે. ડીગ્રી સર્ટિફિકેટ રાજુ રદી જાલી યુનિવર્સિટીના લેડરહેડ પર પ્રિન્ટ કરાશે તેમ પણ જાણવા મળ્યું છે!

રાજુ કહે છે કે દુનિયા મુંડાતી હૈ, મુંડનેવાલા ચાહિયે.આ સદકૃત્ય રાજુ રદી તેના વરદ હસ્તે કરવાનો છે. આપણે બેસ્ટ લક કહીશું?

ભરત વૈષ્ણવ

# દેશભાવને ઉજાગર અને વધુ પ્રબળ બનાવવાના ઉમદા ભાવ સાથે ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦ થી ૧૩ ઓગસ્ટ દરમ્યાન ’ હર ઘર તિરંગા ’ કાર્યક્રમ યોજાશે



**આ ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન ગામેગામ, તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ તિરંગા યાત્રા યોજાશે : શાળા-કોલેજો ખાતે નિબંધ, વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાશે**

**જિલ્લાના દરેક ઘરે તિરંગો લેહરાવાશે : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના દોઢ લાખથી વધુ ઘરે તિરંગા લહેરાવવાનું આયોજન**

ગાંધીનગર જિલ્લાના નાગરિકોમાં દેશભાવને ઉજાગર અને વધુ પ્રબળ બનાવવાના ઉમદા ભાવ સાથે તા. ૧૦ થી ૧૩મી ઓગસ્ટ દરમ્યાન ’ હર ઘર તિરંગા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ ત્રિદિવસીય કાર્યક્રમના સુચારું આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે એ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ સરકારી કાર્યક્રમ કરતાં દેશ પ્રત્યેના આદર-ભાવને ઉજાગર અને નિષ્ઠા-કર્તવ્યને અદા કરવાનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં આપણે સૌએ એક સરકારી કર્મયોગી તરીકે નહિ, પણ ભારત દેશના નાગરિક હોવાના ગૌરવ સાથે જોડાવાનું છે. આ કાર્યક્રમના સુંદર આયોજન માટે સ્થાનિક નાગરિકમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરવાની આપણી સરકારી કર્મયોગી તરીકે પ્રથમ ફરજ છે. આ કાર્યક્રમ થકી શાળાના બાળકો સાથે સાથે આપણે સૌએ ઘરના ભુલકાઓથી માંડી યુવા પેઢીને મહામુલી આઝાદીમાં શહીદ થનાર વીર શહીદોની કથાઓથી વાકેફ કરવા જોઇએ. ગાંધીનગર જિલ્લામાં આ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને દેશના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્રય દિનના રંગે સૌ કોઈ રંગાય તેવો માહોલ ઉભો કરવાનો છે. આ માટે ગામેગામ આગામી તા. ૧૦ થી ૧૩મી ઓગસ્ટ દરમ્યાન તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. તેમજ તાલુકા કક્ષાએ પણ બે કિલોમીટરની તિરંગા યાત્રા યોજાશે. જેમાં શાળા- કોલેજાના વિદ્યાર્થીઓ સાથે સ્થાનિક નાગરિકો યાત્રામાં સહભાગી બનશે. શાળાના બાળકોને મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, વીર ભગતસિંહ, સુખદેવસિંહ જેવી વેશભૂષામાં જોડાશે. તેમજ દરેક શાળાના બાળકો પોતાની શાળાનું બેનર લઈ આ યાત્રામાં જોડાશે. દેશ ભક્તિને ઉજાગર કરતાં નારા-સુત્રોચ્ચાર સાથે રેલી નગરના મુખ્ય માર્ગો પર ફરશે. તેની સાથે શાળા થી કોલેજા સુધી આ દિવસો દરમ્યાન વકતૃત્વ, ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે.

જિલ્લા કલેકટરશ્રીએ સ્થાનિક કક્ષાએ પણ આ કાર્યક્રમ ભવ્યાતિભવ્ય યોજાય તે માટે તમામ પ્રાંત અધિકારીઓ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓને સ્થાનિક અધિકારીઓ, શાળા-કોલેજાના આર્ચાયશ્રીઓ, સ્થાનિક અગ્રણીઓ સહિત વિવિધ સંસ્થાઓ સાથે બેઠક કરીને કાર્યક્રમની ગૌરવભેર ઉજવણી કરવાનું સુચારું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં પણ આ રેલીનું આયોજન કુડાસણ ખાતેથી કરવામાં આવશે, તેવું મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલાએ જણાવ્યું હતુ. તેમણે મહાનગરપાલિકા વિસ્તારમાં હર ઘર તિરંગાના કાર્યક્રમને સાર્થક કરવા માટે દોઢ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીએ આ કાર્યક્રમમાં સહભાગી થનાર સર્વે નાગરિકો અને અધિકારીઓને દેશ પ્રત્યેના પોતાના ભાવને એક સેલ્ફી લઈ પોતાના વોટ્સએપ સ્ટેટસ, ફેસબુક, ટવીટર, ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યિલ મીડિયા પર મુકવા અનુરોધ કર્યો છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયા, પ્રાંત અધિકારી શ્રી જૈનિલ દેસાઇ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.એમ.ભોરણિયા, તમામ મામલતદાર, ચીફ ઓફિસર, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત જિલ્લા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા “ફૂડ સેફ્ટી અવેરનેસ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર મહનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૮/૨૦૨૪નાં રોજ ફૂડ સેફ્ટી અવેરનેશ અને તાલીમ કરવાનું આયોજન ન્ક્ર ઝીજિં રેસ્ટોરન્ટ અને બેન્ક્વેટ સરગાસણ-ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. તેમાં મહાનુભાવોમાં માન.મેયરશ્રી, માન. સ્ટેન્ડીગ કમિટીના ચેરમેનશ્રી, માન. દંડકશ્રી, માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગુજરાત રાજ્યના એફ.ડી.સી.એ.ના માન. સંયુક્ત કમિશનરશ્રી, ફૂડ સેફ્ટી તથા માન. નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કાર્યક્રમમાં હાજર રહેલ. જેમાં માન. મેયરશ્રી તેમજ માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ફૂડ બીઝનેસ ઓપરેટરોને ફૂડ સેફ્ટી એન્ડ હાયઝીન અને પેસ્ટ કંન્ટ્રોલ અંગેની તાલીમ ધ્યાનથી લેવા અપીલ કરેલ અને તેની ચુસ્તપણે પાલન કરવા જણાવેલ. જેથી ગાંધીનગર મહાનગરપાલિકાનાં નાગરીકોને શુધ્ધ, સ્વચ્છ અને સાત્વિક ખોરાક મળી રહે તે અંગે સંબોધિત કરેલ. જેમાં માન. મેયરશ્રી મીરાબેન પટેલ એ કાયદાના અમલીકરણ સાથે ફૂડ બિઝનેસ ઓપરેટરોમાં કાયદા અંગે જાગૃતતા કેળવાય અને ગાંધીનગરના નાગરિકોને શુદ્ધ, સ્વચ્છ અને સલામત ખોરાક મળી રહે તેવી ઉપસ્થિત સૌને અપીલ કરી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG S No:-349***

★વિષય:- જો લક્ષ આપણું હોય તો સલાહ બીજાની કેમ?★
★શિર્ષક:-સલાહ આપ્યા કરશે?★
★શબ્દો:-૧૦૬★

સાચી નેં ખોટી સલાહ તો બધાં અહીં આપ્યાં કરશે,
આપણાં લક્ષ્યમાં બાધા તો બધાં ઉત્પન્ન કર્યાં કરશે..

લક્ષ્ય આપણું છે તો સલાહ આપણી? હોવી જોઈએ,
લોકો છે એ તો બંન્ને બાજું આપણી વાતો કર્યાં કરશે...

લક્ષ્ય પ્રાપ્ત કરવું એ વિચારીએ એટલું તો સહેલું નથી,
સફળતાના માર્ગમાં જુદી જુદી અડચણો આવ્યાં કરશે..

જરૂર પડે તો બધાંની સલાહ લેવી, નિર્ણય તો પોતાનો,
સમય વિતતા તો પારકાં પોતાની પરખ તો થયાં કરશે...

ક્યાં સુધી બધું વિચારીને પોતાની જાતને જ હર્ટ કરશો?
લક્ષ્ય પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી બધાં જ બોલ્યાં કરશે...

લક્ષ્ય આપણું છે તો મહેનત તો કરવી પડશે આપણે જ,
આપણી સફળતા જોઈને તો અહીં કોઈ બળ્યાં કરશે...

જગડ ભાર્ગવ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :126**

વિષય: જો લક્ષ્ય આપણું હોય,તો સલાહ બીજા ની કેમ?
શિર્ષક:લક્ષ્ય અને સલાહ.
શબ્દો: ૩૫૦
નામ: મોહનભાઈ આનંદ

માનવી એ સામાજિક પ્રાણી છે, એ ભાવ, લાગણી ઊર્મિ સાથે જોડાયેલી એક જીવંત ચેતના છે,એ માનવીની કામનાઓ છે, એને પૂર્ણ કરવાનું લક્ષ્ય જરૂર હોય છે.એ લક્ષ્ય સંબંધિત વિષય, વસ્તુ કે પરિસ્થિતિને જાણનાર તજજ્ઞોની આવશ્યકતા હોય છે.તમે એના માટે ભલે બધી રીતે તૈયાર હો, દ્રઢ વિશ્વાસ મનોબળ કે પૂર્ણ શ્રદ્ધા હોય, છતાં તમારું લક્ષ્ય ભેદન થઈ ના શકે.

અર્જુનનું લક્ષ્ય માછલીની આંખને વીંધી નાખવા પુરતું નહતું, પણએ લક્ષ્ય સુધી પહોંચવા ગુરુ જેવા શ્રી કૃષ્ણ ની આડકતરી મદદ હતી. મહાભારતનું યુધ્ધ જીતવું, પાંડવોનું લક્ષ્ય હતું, પરંતુ વિપરીત પરિસ્થિતિમાંથી બહાર કાઢનાર શ્રી કૃષ્ણની સલાહ કે મદદ અચૂકપણે હાજર હતી.એટલે ખોટા ભ્રમમાં રહેવું નહીં કે મને કોઈ ની જરૂર નથી.એક હાથે તાળી પડી ના શકે, ઝાઝા હાથ રળિયામણા એ ઉક્તિ ધ્યાનમાં લેવી જોઈએ. તો સફળતા મળે.

આજકાલ સલાહ સૂચન કરવાની દુકાનો ખુલી ગઈ છે,જેણે પોતે કંઈ પ્રાપ્ત કર્યું નથી અને બીજાને અનુભવ વગર ખોટી સલાહ આપી ગેરમાર્ગે દોરી વિનાશ નોતરે છે.અધકચરા જ્ઞાની અને પંડિતોની ખોટ નથી આચરણમાં શૂન્ય હોવાથી તેઓ મદદરૂપ થ,ઈ શકતા નથી તેથી તમારા લક્ષ્યથી દૂર કરી શકે છે. અવરોધો પેદા કરી શકે છે. એટલે તજજ્ઞ સિવાય ખોટી જગ્યાએ સલાહ લેવી નહીં. વણમાંગી સલાહ મળે તો લેવી નહીં.

ઉચિત અને ઉત્તમ જ્ઞાની (જે તે વિષયના)ની યોગ્ય સમયે જો સાચી સલાહ સૂચન માર્ગદર્શન મળે, તો તમારી નિર્ણય શક્તિને યોગ્ય રીતે પ્રવાહિત કરી લક્ષ્ય ભેદન થઈ શકે છે. સલાહ લેવી એ નાનમ નથી, અનુભવજન્ય જ્ઞાની જ તમને તમારા લક્ષ્ય સુધી દોરી જવા એક મદદગાર તરીકે નીવડે છે,જેની સમજણ તમને લક્ષ્ય સિધ્ધિ અને તેના પરિણામે થતાં અનુભવ અને અડચણોની સાચી દ્રષ્ટિ મળે છે.

આમ, માનવી મન અને બુદ્ધિ દ્વારા સમાજથી જોડાયેલી વ્યક્તિ હોવાથી,તે જે દેશકાળ અને પરિસ્થિતિમાં રહેતો હોય તથા પોતે જે લક્ષ્ય ધારણા કરી તેનો મર્મજ્ઞ મળી જાય તો કલ્યાણ અવશ્ય થાય છે.હમેશા ટીમ વર્ક જ જીત મેળવી શકે છે. ઘરડા ગાડા વાળે એ કહેવત ચરિતાર્થ થાય છે. નાની મોટી બાબત હોય ઘરમાં કુટુંબીજનો સાથે બેસીને સૌના વિચારો જાણી યથાયોગ્ય ઉચિત નિર્ણય લેવામાં આવે ,તો લક્ષ્ય સિદ્ધ થાય છે,અસ્તુ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347***

★વિષય:- જો લક્ષ્ય આપણું હોય તો★ ★બીજાની સલાહ કેમ?★
★શીર્ષક:- મારું લક્ષ્ય, મારો નિર્ણય★
★શબ્દો:- ૧૧૨★
★પ્રકાર:-પદ્ય★

શું કામ માનું સલાહ એમની,
જાણતું નથી જે મને?

કર્યું મેં લક્ષ્ય મારું નિર્ધારિત,
હશે જાણ મને મારી ક્ષમતાઓની!

થતાં જાણ મારા લક્ષ્યની દુનિયાને,
આવી પહોંચ્યાં કેટલાંય આસપાસ મારી!

ખોટું લક્ષ્ય છે તારું, બદલવું જોઈએ એને,
સારું કામ તો આ ન કહેવાય, પેલું કામ કર!

શું કામ માનું એમનું અનુભવ જેને નથી,
આપેલ સલાહનાં કામનો કોઈ?

નક્કી કર્યું મેં મનમાં, પૂર્ણ કરીશ લક્ષ્ય મારું,
ન માની સલાહ કોઈની, ને વધી લક્ષ્યની દિશામાં!

હતું સપનું બનવાનું ગણિત શિક્ષિકા!
ગર્વ છે મને મારા લક્ષ્ય પર એટલું!

છું હું આજે એક સફળ ગણિત શિક્ષિકા,
થોડી કડક, પણ માનીતી વિદ્યાર્થીઓમાં.

લક્ષ્ય બીજું મારું, બની સફળ લેખિકા, લેખો થકી હું,
કરી માર્ગદર્શન સમાજનું, આપું એને સાચી દિશા!

★સ્નેહલ જાની★સુરત★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**

વિષય: જો લક્ષ્ય આપણું હોય તો બીજાની સલાહ કેમ?
શીર્ષક: અંતઃસ્ફૂરણા શ્રેષ્ઠ
પ્રકાર : પદ્ય શબ્દો: ૧૫૫

લક્ષ્ય જો નિર્ધારિત હોય તો એ લક્ષ્ય પામવા મંડી પડવું.યોગ્ય દિશામાં સખત પરિશ્રમ કરવાની તૈયારી હોય તો કોઈની સલાહ કે રાહ જોવી ઉચિત નથી. હા, લક્ષ્ય નક્કી કરતી વખતે પોતાની ક્ષમતા અને ધીરજ ચકાસી લેવાં સારાં. કહેવાય છેને કે આકાશનાં તારા તોડવાનાં સપનાં કદી ન જોવા જોઈએ. લક્ષ્ય એવું નક્કી કરવું જોઈએ જે આપણે ધગશ અને સ્વયં પરિશ્રમ થકી પામી શકીએ. લક્ષ્ય કોઈને નુકસાન પહોંચાડે એવું ન હોવું જોઈએ.

લક્ષ્ય નિર્ધાર કર્યા પછી એકચિતે પૂરા પ્રયત્નથી કાર્ય કરીશું તો જ લક્ષ્યને પામી શકીશું અન્યથા
"મુંડે મુંડે મતિ ભિન્ના કુંડે કુંડે નવં પય,
જાતો જાતો નવાચારા નવા વાણી મુખે મુખે."

અર્થાત પ્રત્યેક વ્યક્તિએ વિચાર અને સલાહ અલગ-અલગ હોય છે.જેવી રીતે અલગ-અલગ જાતિ કે સમાજની રીતભાત અલગ-અલગ હોય છે એવી જ રીતે પ્રત્યેક વ્યક્તિનાં વિચાર અલગ હોવાથી અલગ-અલગ સલાહ મળવાથી આપણે આપણાં મૂળ લક્ષ્યથી ભટકી શકીએ છીએ.

અંતઃસ્ફૂરણાથી લેવાયેલાં નિર્ણયો પાછળ ભલે થોડી મુસીબતો સહેવી પડે પરંતુ એમાં હંમેશા કુદરતનો સંકેત હોય છે.પ્રભુનાં આશિષ હોય છે.

?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**

વિષય. જો લક્ષ આપણું હોય તો બીજાની સલાહ શું કામ ?
શીર્ષક : ભરોસો પ્રકાર :ગદ્ય
પ્રવિણા કડકિઆ

---

જો તમને ખુદને તમારા પર ભરોસો ન હોય તો બીજી વ્યક્તિ તમારા પર ભરોસો કેવી રીતે કરી શકે?

આ વાક્ય બે વાર વાંચજો. જીવનમાં ખુદ પર ભરોસો અગત્યનો છે. અહંકાર કે હું પણું નહી !
'' હું કહું અને હું કરું એ હંમેશ સાચું હોય , એવું માનનાર ઘમંડી છે.''

કિંતુ અભ્યાસ અને ઝીણવટ ભરી તપાસ કર્યા પછી જે પરિણામ આવે તેના પર ભરોસો અવશ્ય હોય. એ અભિમાન નહી મહેનતનું પરિણામ છે. રાહમાં આવતા સઘળા અવરોધોનો પરિચય છે. મુશ્કેલીઓ સુલઝાવવાની તરકિબ ખબર છે.

જો આત્મવિશ્વાસ હોય તો પછી કોઈની સલાહની આવશ્યકતા નથી.

હા, મિત્રનો કે યોગ્ય વ્યક્તિનો અભિપ્રાય લેવો તેમાં નાનમ નથી. બાકી બીજાની સલાહ લઈ પરિસ્થિતિને નામે કોઈ બાંધછોડ કરવી નહી.
અભિપ્રાય કદાચ આપણા પ્રયત્નમાં ચાર ચાંદ લગાવી શકે.

કોઈ પણ હિસાબે આત્મવિશ્વાસ ખોવો નહી. જીંદગી સરલતાથી જીવવા આવશ્યક છે .

યાદ છે અર્જુનનું લક્ષ માછલીની આંખ વિંધવાનું હતું. જો આપણી પાસે લક્ષ પારદર્શક હોય અને તેની પ્રાપ્તિ કાજે જીવન હોડ પર મૂકાયું હોય તો , બસ કૂદી પડો. ફતેહ છે આગે.

જો જીવનમાં મફત અને ઢગલા બંધ મળતી હોય તો કે સલાહ છે. ભરોસો ડગમગવા દેવો નહી. જો લક્ષ અકબંધ હશે તો સફળતા મળ્યા વગર રહેશે નહી.

લગે રહો .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N I 173.**

પ્રકાર -ગદ્ય શબ્દો -૩૪૩
વિષય -"જો લક્ષ્ય આપણું હોય તો સલાહ બીજાંની કેમ"

મનુષ્ય ધરતી પર આવે છે તો એક લક્ષ્ય લઈને આવે છે.એક ઉદ્દેશ્ય લઈને આવે છે.પછી તે પૂરો કરે કે ના
આભાર - નિહારીકા રવિયા કરે પણ જન્મ લેતાં પહેલાં એનાં જીવનનો એક લક્ષ્ય તથા ઉદ્દેશ્ય તો અગાઉથી નક્કી જ હોય છે.
જો જીવન ઉદ્દેશ્ય વગરનું રહી જાય તો વ્યક્તિત્વની અંદર એક એવો ખાલીપો એક ખોખલાપણું રહી જાય છે,જેને ત્રાસદાયક કહેવામાં આવે છે.ધ્યાનથી જોવામાં આવે અને સહજ રીતે અનુમાન કરવામાં આવે તો બધાનો ઉદ્દેશ્ય જીવનમાં લક્ષ્ય ની શોધ જ છે.જો આપણે આપણાં જીવનમાં આગળ વધી ઉન્નત જીવન જીવવાનું જ લક્ષ્ય રાખ્યું છે , તો એ માટે અન્ય કોઈ વ્યક્તિ ની સલાહ પર ભરોસો ન રાખી ને આપણી સ્કિલ મુજબ લક્ષ્ય સુધી પહોંચવા નો પ્રયત્ન કરવો જોઈએ.
જીવનમાં સુખનાં બધાં સાધનો મળી ગયાં પછી માણસ એવું વિચારવા લાગે છે કે મારા જીવનનો લક્ષ્ય શું? માનવ જીવનમાં લક્ષ્ય વગર બધું નકામું છે.જરા વિચારીએ કે કોઈ સવારે આપણે કોઈપણ જાતનાં લક્ષ્ય વગર ઘરમાંથી નીકળી જઈએ,તો દિવસભર આપણી શું હાલત થશે? જો આપણા જીવનમાં કોઈ લક્ષ્ય ન હોય તો જીવન સંધ્યા વખતે આપણે અનુભવ કરીશું કે આપણે આપણું આખું જીવન આમ ને આમ જ વ્યર્થ પસાર કરી નાખ્યું.આપણાં જીવનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ હોવો જોઈએ.ઉદ્દેશ્ય સ્પષ્ટ થઈ જવાથી એ લક્ષ્ય સુધી પહોંચવું આપણા માટે ખૂબ જ સરળ બની જાય છે.
આજનાં ભૌતિક યુગમાં મોટાભાગનાં લોકોનું લક્ષ્ય ભલે પૈસા,ગાડી,બંગલા વગેરે હોય,અને આ માટે બીજાં લોકો ની સલાહ પણ લેતાં હોય છે. પરંતુ ફક્ત આ વસ્તુઓ મેળવવાથી જ કોઈ વ્યક્તિનાં જીવનનો ઉદ્દેશ્ય સફળ નથી બની જતો.કોઈનાં કહેવાથી કે દેખાદેખી થી મેળવેલી આ બધી ભૌતિક ચીજવસ્તુઓ આપણને ખુશી જરૂર આપે છે,પરંતુ આ ખુશી વાસ્તવિક નથી હોતી..આ આપણી માનવ સંસ્કૃતિ છે.મનુષ્યએ જીવનભર આ સંસ્કૃતિનું પાલન કરવું જોઈએ.અને માનવ જીવનનો ઉદ્દેશ્ય પણ આ જ હોવો જોઈએ.જે ચીજ પોતાની પાસે છે,તે બીજાને પણ આપીને મદદરૂપ થવું જોઈએ..
એક સુનિશ્ચિત લક્ષ્ય માણસને ઉત્સાહ, સાહસ, હિંમત, સમયબદ્ધતા, સખત મહેનત અને પ્રયત્નશીલ બનવાની દિશામાં સતત પ્રેરે છે, જેનાં કારણે ધ્યેય તરફ સતત પ્રગતિ કરવાની પ્રેરણા મળતી રહે છે. ધ્યેયનિષ્ઠ બનવાથી લક્ષ્યાંક સુધી પહોંચવાની પ્રેરણા પ્રાપ્ત કરી શકાય છે.પરંતુ આખરે તો આપણી સમજ શકિત અને વિવેક બુદ્ધિ થકી જ આપણે લક્ષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ છીએ.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 169**

વિષય - જો લક્ષ્ય આપણું હોય તો બીજાની સલાહ કેમ?
શીર્ષક - ઊડાન ભરવી છે
શબ્દો - ૧૧૬

લક્ષ્ય પ્રાપ્ત કરવા ધ્યેય કાયમ ઉંચેરું રાખવું છે,
ધ્યેય વિચારો ને કલ્પના ભવિષ્યનું નિર્માણ કરે છે.

પુરુષાર્થ થકી લક્ષ્ય કેરું નિશાન મારે સાધવું છે,
જીવનમાં આગળ વધવા હૈયે હામ રાખવી છે.

લક્ષ્ય પ્રાપ્તિ માટે દ્રઢ સંકલ્પ યાદ રાખવો છે,
ધ્યેય પ્રાપ્તિ માટે કર્મને સંપૂર્ણ સમર્પિત થવું છે.

મંઝિલે પહોંચવા ધ્યેય ઉમદા રાખવો છે,
સારા નરસાની સમજ કેળવી મારું ધાર્યું કરવું છે.

જો લક્ષ્ય આપણું હોય તો બીજાની સલાહ કેમ?
મક્કમતાથી પંથ કાપીને ઉંચેરી ઉડાન ભરવી છે.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ" (ગોધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO-0185***

વિષય :- "જો લક્ષ આપણું હોય તો બીજાની સલાહ કેમ.?"
શીર્ષક:- અડગ લક્ષ
પ્રકાર:- પદ્ય ( કાવ્ય )
શબ્દ:- ૧૦૬

છે લક્ષ મારું જીવનસંગે, સંઘર્ષે પ્રગતિએ સફળતા પામુ,
વિઘ્નો આવ્યા પરવશતાના, બીજાઓની સલાહ કેમ માનું?

મળી એકલતા વારંવાર નિષ્ફળતાએ, નિરાશ કદી થયો નહીં,
એકલતાને બદલી રચ્યું સ્વએકાંત , ગરજને તાબે થયો નહીં,

જીવનપંથે ડગ ઉત્સાહે ભરતો ગયો, રસ્તાઓ ખુલતા ગયા,
લક્ષો સિદ્ધ થતા ગયા, અનુભવે ઉપાય સરળ મળતા ગયા,

મનથી હાર્યો નહીં, મજબૂત બન્યો હું, લક્ષને છોડ્યું નહીં,
અર્જુનના મત્સ્યવેધની યાદે, મેં હકારાત્મકતાને છોડી નહીં,

ના કર ખોટા કામ જીવન રસ્તે, સલાહ વડીલોની તો માનજે,
કર્મ બંધન ભોગવવા પડશે, ગીતા સંદેશની સલાહ તો માનજે.

''ઝરૂખો'' શણગારે સ્વમનને, સલાહો કોઈની કાને ધરે નહીં,
શ્રદ્ધાએ જીવનના વહેતા પ્રવાહે, નીતિએ મહેનત છોડે નહીં.
-તો પછી બીજાની સલાહ હું કેમ માનું.

-દિલીપ સી. સોની ''ઝરૂખો''

# ભાજપ રાજમાં જાણે ભ્રષ્ટ્રાચાર એ શિષ્ટાચાર બની ગયો છે: સીસ્ટમમાં ભ્રષ્ટાચાર નહિ પરતું ભ્રષ્ટાચારની સીસ્ટમ ભાજપ સરકારે નગરપાલિકા-મહાનગરપાલિકાઓમાં લાગુ કરી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેશભાઈ પરમારએ જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મનપામાં ભાજપનું રાજ છે. ભાજપ રાજમાં જાણે ભ્રષ્ટ્રાચાર એ શિષ્ટાચાર બની ગયો છે. ભયમુક્ત ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભ્રષ્ટાચારના ચક્રવ્યૂહને કારણે મોરબી પુલ કાંડ, હરણીબોટ કાંડ, તક્ષશિલા કાંડ અને રાજકોટનો ટીઆરપી કાંડ સહિતની કરુણાંતિકાઓ કેટલાય ગુજરાતીઓ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગુજરાતના સેવાસદનો આજે ભાજપ માટે મેવાસદનો બન્યા છે ભાજપ સરકાર દાવા કરે છે કે કોઈ મોટી માછલીઓ મગરમચ્છ કે ચમરબંધીને છોડવામાં નહીં આવે પરતું ભાજપ સાગઠીયા અને ભોજકને પકડે અને મોટા એનાકોન્ડા, વ્હેલ માછલીઓને ક્યારે પકડશે?તે ગુજરાતીઓ જાણવા માંગે છે. ગુજરાતમાં અત્યારે બાબુ અને અધિકારીઓનું રાજ છે. રાજ્યના અધિકારીઓ દુશાશન અને ભાજપ સરકાર ધુતરાષ્ટ્ર ભૂમિકામાં છે જયારે પ્રજાના હક્ક અધિકાર માટે કોંગ્રેસ પાંડવો બની વિરોધપક્ષની ભુમિકા ભજવી રહી છે. કોઇપણ ઘટના બાદ રાજ્ય સરકાર એસઆઈટીની રચના કરે છે. પરતું આજ સમિતિઓ તેમના માટે છટકબારી જેમ બની છે. હરણી બોટ કાંડમાં કોર્ટે બે અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો તેમ છતાં અત્યાર સુધી ભાજપ સરકારે કેમ પગલાં ન લીધા? શું ભાજપ સરકાર અને અધિકારીઓ પોતાને હાઈકોર્ટથી ઉપર માને છે? ભાજપનાં રાજમાં ખાણ-ખનીજ, મહેસુલ, ગૃહ, આરોગ્ય, શિક્ષણ સહિતના તમામ વિભાગોમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. કોંગ્રેસ તો વિપક્ષમાં છે અને વિરોધ કરે છે પણ ભાજપના હોદ્દેદારો ધારાસભ્યો, સાંસદો, નેતાઓ દ્વારા મુખ્યમંત્રીને અધિકારીરાજ અંગેની મુશ્કેલીઓ બાબતે વારંવાર પત્ર લખી વિરોધ કર્યો છે. ગુજરાતના ભાજપના ચુંટાયેલા પ્રતિનિધિઓનું પણ અધિકારીઓ સાંભળતા નથી. ત્યારે ભ્રષ્ટાચારને ડામવા અને ધુતરાષ્ટ્ર સરકારને દુર કરવા કોંગ્રેસ પાંડવોની ભૂમિકામાં આવી છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે આવનાર ગુજરાત વિધાનસભા સત્રમાં ઉચ્ચ અધિકારીઓ, ચુંટાયેલા નેતાઓ, પ્રતિનિધિઓ સામે ભ્રષ્ટાચાર નિવારણ અંગે કડક કાયદો બનાવવમાં આવે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે મૃત્યુ પામેલા ગુજરાતીઓને ન્યાય આપવા માટે તારીખ ૯ ઓગસ્ટે મોરબીથી ગાંધીનગર સુધી ન્યાય પદયાત્રા કરવામાં આવશે સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈની આગેવાનીમાં ૧૦૧ પદયાત્રીઓ જોડાશે અને ગુજરાતમાં જુદાજુદા કાંડના પીડિતોના સગા-સંબધીઓ પણ આ પદયાત્રામાં જોડાશે. ભ્રષ્ટાચારના આરોપ બાદ હકાલપટ્ટી થયેલા ભારતીય જનતા પાર્ટીના નેતાશ્રી ધર્મેન્દ્ર શાહની ભ્રષ્ટાચારના પરાકાષ્ટા અને ગેરવહીવટ પર આકરા પપ્રહારો કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહએ જણાવ્યું હતું કે અમદાવાદ મહાનગર પાલિકાના ભાજપના પ્રભારીશ્રી ધર્મેન્દ્ર શાહના શાસનમાં મેયરશ્રીની ઓફીસમાં એન્ટીચેમ્બરમાં બેસી ૫૦૦ કરોડથી વધારેનો ભ્રષ્ટ્રાચારની વાતો સૌના લોકમુખે ચર્ચાઈ રહી છે. મ્યુનિસિપલ કમીશનરશ્રી અને મેયરશ્રી કરતાં વધારે પાવર ભોગવતા હોય તેમ કોઈ પણ કોન્ટ્રાક્ટ હોય તેમાં કમીશન વિના પાસ થતો ન હતો. દિલ્હીના તેમને સીધા આશીર્વાદ હોવાનો વાતો કરતા શ્રી ધર્મેશ શાહના રાજમાં શહેરમાં કચરો ઉપાડવાનો કોન્ટ્રાક્ટ હોય, બસનો કોન્ટ્રાક્ટ, રોડ-બ્રીજના કોન્ટ્રાક્ટ સહિતના કોન્ટ્રાક્ટમાં સુનિયોજિત રીતે ભ્રષ્ટાચારની સીસ્ટમ કરવામાં આવી હતી. સીસ્ટમમાં ભ્રષ્ટાચાર નહિ પરતું ભ્રષ્ટાચારની સીસ્ટમ ભાજપ સરકારે નગરપાલિકા-મહાનગરપાલિકાઓમાં લાગુ કરી છે. મોટાપાયે કોન્ટ્રાક્ટની કટકીને કારણે શહેરમાં રોડ સારા બનતા નથી. અવાર નવાર રોડ તુટવાની સમસ્યાઓનો ભોગ ગુજરાતીઓ બની રહ્યા છે. ભાજપાના ધારાસભ્યો અને કોર્પોરેટરોના એએમટીએસ-બીઆરટીએસના ઉચા ભાવે કોન્ટ્રાક્ટ આપી કોર્પોરેશનને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. બેહરામપુરામાં કાપડ એકમો માટે એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(ઈ) વ્યક્તિ વિશેષને લાભ કરવામાં કોર્પોરેશનને અંદાજીત ૧૦૦ કરોડ જેટલું નુકશાન થયું છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે શ્રી ધર્મેન્દ્ર શાહ દ્વારા મંજુર થયેલા તમામ કામોની નિષ્પક્ષ તપાસ થવી જોઇએ. આઈટી વિભાગે પણ ભાજપના ક્યાં નેતાના ખાતામાં ક્યાં કોન્ટ્રાકટરે રૂપિયા જમા કરાવ્યા તેની તપાસ થવી જોઇએ.

પત્રકાર પરિષદને સંબોધન કરતા પૂર્વ મેયર અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુસીપલ કોર્પોરેશનનો એક વર્ગ બેનો કર્મચારી રૂપિયા ૫૦ લાખની લાંચ લેતો પકડાય આ જ દર્શાવે છે કે ભાજપ શાસિત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ કર્મચારીના તાર ક્યાં કયા મોટા અધિકારી, નેતા સુધી પહોંચે છે તેની તપાસ થવી જોઈએ. એએમસીમાં ભ્રષ્ટ્રાચાર કરવાનો છુટો દોર મળે તે માટે વિપક્ષને તમામ વિવિધ સમિતિમાંથી દુર કરાયા છે. શહેરના ધોવાયેલા અને તુટેલા રસ્તા માટે હલકી ગુણવત્તા, રોડ અને રસ્તાના ટેન્ડરમાં આપવામાં આવેલ ટર્મ્સ એન્ડ કંડીશનનું યોગ્ય પાલન ન થાય, યોગ્ય માત્રામાં ડામરનો ઉપયોગ ન થયા જ્યાં થાય ત્યાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાય તેની સાથે મોટા પાયે કટકી-કૌભાંડ અને ભ્રષ્ટ્રાચાર જવાબદાર છે. ભાજપના રાજમાં તંત્ર એટલું ભ્રષ્ટ થઈ ચુક્યુ છે કે સામાન્ય વ્યક્તિ પોતાનુ મકાન બનાવવાનો પ્લાન પાસ ન કરાવી શકે. બાંધકામ થયા બાદ બીયું પરમીશન માટે ફ્લેટના યુનિટ દીઠ રૂપિયા ચુકવવા પડે છે. મનપા ઓફીસમાં પોતાનું કામ કરાવવું એ અભીમન્યુના કોઠા પસાર કરવા જેવી સ્થિતિ નાગરિકની થાય છે. ભાજપ સત્તાના નશામાં મસ્ત અને પ્રજા ત્રસ્ત જેવી સ્થિતિ છે ત્યારે કોંગ્રેસ અમદાવાદ મ્યુંસીપલ કોર્પોરેશનમાં થઈ રહેલા ભાજપના ભ્રષ્ટાચારને ઉજાગર કરવા આક્રમકતાથી લડશે. ભાજપના મનપાના સત્તાધીશો કુંભકર્ણની નિંદ્રામાં છે તેમને કામમાં નહી કોન્ટ્રાક્ટ અને કટકીમાં જ રસ છે. કમીશન મળ્યા બાદ કોન્ટ્રાક્ટરોને બ્લેક લીસ્ટ કરવાના બદલે છાવરવામાં આવે છે. જે કામગીરી અને નિતિરીતી ચાલે છે તે પ્રજાલક્ષી નહીં પ્રજા વિરોધી છે. યુપીએ શાસનમાં ડૉ.મનમોહન સિંઘ દ્વારા અમદાવાદના વિકાસ માટે ૫ હજાર કરોડ રૂપિયા આપ્યા હતા જેમાંથી ૯૦૦ કરોડ રૂપિયા તો માત્ર વરસાદી પાણી અને ડ્રેનેજ માટે વપરાયા હતા. આ ૯૦૦ કરોડ ક્યાં ગયા? તે સવાલ થાય છે. આજે નજીવા વરસાદમાં અમદાવાદના અનેક વિસ્તાર ઠેરઠેર પાણીમાં ગરકાવ થઈ જાય છે.

# નિરમા યુનિવર્સિટી ખાતે વરસાદી વાતાવરણ વચ્ચે સફળ રક્તદાન ડ્રાઈવ (૨૭૪ યુનિટ) અને ડેન્ટલ ચેક-અપ કેમ્પ (૧૭૩ ચેક-અપ) યોજાયું



નિરમા યુનિવર્સિટીએ સોશિયલ વેલ્ફેર બોર્ડના નેજા હેઠળ યોજાયેલ સફળ રક્તદાન ડ્રાઈવ અને ડેન્ટલ ચેક-અપ કેમ્પનું આયોજન કર્યું હતું. કાલુપુર કોમર્શિયલ કોઓપરેટિવ બેંક, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને રામત્રીની ફેમિલી એન્ડ ચાઈલ્ડ ડેન્ટલ કેર સાથે મળીને આ ઈવેન્ટનું આયોજન સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ અને સ્કૂલ ઑફ ટેક્નૉલૉજીના દ્વજીજી યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પહેલનો હેતુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીમાં આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનો હતો, જેને સમગ્ર યુનિવર્સિટી સમુદાય તરફથી ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો હતો

નિરમા યુનિવર્સિટી કેમ્પસમાં ૧લી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હાથ ધરવામાં આવેલી રક્તદાન ઝુંબેશને જબરદસ્ત સફળતા મળી હતી. પ્રતિકૂળ હવામાન હોવા છતાં, પ્રભાવશાળી ૨૭૪ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદોને નોંધપાત્ર રીતે અસર કરે છે. આ ઈવેન્ટમાં દાતાઓનો જોરદાર મતદાન જોવા મળ્યો, દરેકે આ જીવન-બચાવ હેતુ માટે યોગદાન આપ્યું. કાલુપુર કોમર્શિયલ કોઓપરેટિવ બેંક લિ.એ મહત્વપૂર્ણ સહાય પૂરી પાડી, દાતાઓને નાસ્તો અને ભેટો આપી, સહાયક વાતાવરણમાં વધારો કર્યો. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સહભાગિતાએ સમુદાય સેવા અને ઉદારતાની પ્રશંસનીય ભાવના દર્શાવી.સમાંતર રીતે, ડેન્ટલ ચેક-અપ કેમ્પે યુનિવર્સિટીના સભ્યોને મૂલ્યવાન સેવાઓ પ્રદાન કરી હતી. પ્રતિષ્ઠિત વ્યાવસાયિકો, ડૉ. મીટ આર. રામાત્રી (સ્ફ્રજી) અને ડૉ. રિદ્ધિમા એમ. રામાત્રી (સ્ફ્રજી), સ્માઈલ એનાલિસિસ, પ્રિવેન્ટિવ ઓરલ હેલ્થ ચેકઅપ, અને અલાઈનર અને બ્રેસિસ પર માર્ગદર્શન પૂરું પાડ્યું. પ્રશંસનીય ૧૭૩ વ્યક્તિઓએ ડેન્ટલ ચેક-અપમાં હાજરી આપી, વરસાદી વાતાવરણ છતાં આવશ્યક સેવાઓ મેળવી.



અમેરિકાના આર્કન્સાના લિટલરોકમાં લેઉવા પાટીદાર સમાજના યોજાયેલા વાર્ષિક સંમેલનમાં ૬૦૦થી વધુ હોટેલના માલિકોએ ભાગ લીધો હતો. અમેરિકામાં હોટેલ અને મોટેલ ક્ષેત્રે આગળ પડતા લેઉવા પાટીદાર સમાજના અગ્રણીઓ અને સભ્યોએ આ પ્રસંગે હોસ્પિટાલિટી ક્ષેત્રે ડિજિટલ સોલ્યુશન્સનું કામ કરતી સાયબરવેબ હોટેલ્સના સીઈઓ હિતેન ભુતા અને તેમની ટીમનું સન્માન કર્યું હતું.



"ઉજવણી નારી વંદન ઉત્સવની અને નારી સશક્તિકરણની"(નીલા ઠક્કર,બરોડા દ્વારા) નારી વંદન ઉત્સવ સપ્તાહ અંતર્ગત "મહિલા સ્વાવલંબન દિવસ" પર ડો. ઠાકોરભાઈ પટેલ ગર્લ્સ કોલેજ ખાતે "રોજગાર ભરતી મેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર" યોજાઈ.દરેક ક્ષેત્રે મહિલાઓની વધતી પ્રગતિ એ ગુજરાતના વણથંભ્યા વિકાસને અવિરત રાખ્યો છે, ત્યારે મહિલા લાભાર્થીઓમાં લાભોનું વિતરણ કરી, પ્રોત્સાહન પૂરું પાડ્યું.આ કાર્યક્રમમાં વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ શિક્ષકગણ અને મોટી સંખ્યામાં મહિલા લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા.

# વિકલાંગ સહાયક કેન્દ્ર "દ્વારા શામ સેવા.ના સહયોગ થી યૂ એન મહેતા આંખ હોસ્પિલમાં વટવા ખાતે આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું




વિકલાંગ સહાયક કેન્દ્ર "દ્વારા શામ સેવા.ના સહયોગ થી યૂ એન મહેતા આંખ હોસ્પિલમાં વટવા ખાતે આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું

જે શારીરિક રીતે વિકલાંગ બાળકો,વિધવાઓ ના બાળકો,તથા અતિ ગરીબ લોકો ના બાળકો ને સ્કૂલ બેગ, નોટબુક, ચોપડા, અને નવા કપડાં નું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

આવા કાર્યો દર વર્ષે જૂન જુલાઈ માં આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે,જેથી સમાજ માં ગરીબ વર્ગ ના લોકો જેના માં બાપ છોકરાઓ ભણાવવા માંગે છે પરંતુ આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાના કારણે તેઓ ભણાવી સકતા નથી.

સંસ્થા નો હેતુ બસ એ જ છે કે આવા લોકો ના બાળકો શિક્ષિત બને,આગળ વધે ,પ્રગતિ ના પંથે જાય પોતાના જીવનમાં કક્ષા ની પ્રાપ્ત કરે,માં બાપ નું નામ રોશન કરે બસ આજ મકસદ છે ,રજી.ટ્રસ્ટ વિકલાંગ સહાયક કેન્દ્ર "નું.

....સૌ નો.સાથ દિવ્યાંગ નો વિકાસસમાજ સેવા ના કાર્ય માટે સંપર્ક કરો બાબુ ભાઈ આબુવાલા

# થરાદના ઝેટા પ્રાથમિક શાળામાં લાઈફ સ્કીલ બાળ મેળો યોજાયો



**અહેવાલ : રાજેશ નાનોલ - થરાદ**

થરાદ તાલુકાના ઝેટા પ્રાથમિક શાળા ખાતે ધોરણ.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા બાળ મેળા નું આયોજન સરકાર શ્રી ના પરિપત્ર મુજબ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય તેમજ સમગ્ર સટફગણના માર્ગદર્શન હેઠળ શાળા ના બાળકો દ્વારા વિવિધ પ્રકારના વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ તમામ પ્રકારની વાનગીઓ બાળકોએ પોતાની જાતે બનાવીને વિવિધ પ્રકારના વાનગી સ્ટોલ બનાવી પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જોકે સ્વજાગૃતિ , સર્જનાત્મક,ચાલો શીખીએ જેવી આઠ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી ,તેમજ વન મિનિટની વિવિધ રમતો પણ રાખવામાં આવી હતી અને આ લાઈફ સ્કીલ બાળ મેળાની પ્રવૃત્તિઓ નિહાળવા ઝેટા પ્રાથમિક શાળા ના એસ.એમ.સી. અધ્યક્ષ હરદાશભાઈ કે પટેલ, મધ્યન ભોજન સંચાલક સુરેશભાઈ બારોટ,લક્ષ્મણભાઈ નાઈ સહિત અન્ય ગ્રામજનો પણ હાજર રહ્યા હતા.


ધી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિ.
બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણી - ૨૦૨૪

ઘોડો ઘોડો

## વિકાસ પેનલના ઉમેદવારો

સામાન્ય વિભાગ ૧૦ મત, મહિલા વિભાગ ૨ મત, અનુ.જાતિ-અનુ.જનજાતિ વિભાગ - ૧ મત ફરજિયાત આપવા

દરેક સભાસદે ૧૩ મત આપવા ફરજીયાત છે

| ક્રમ | ફોટો | નામ | પ્રતિક ઘોડો | મતદાનનું નિશાન |
|---|---|---|---|---|
| ૧ | | અનિલકુમાર પોપટલાલ પટેલ (રાંધેજા)<br>વેપારી, પટેલ આઈસ્ક્રીમ - ઘ-૫, સેક્ટર-૨૨, ગાંધીનગર<br>ધરતી ફાર્મ, રાંધેજા ચાર રસ્તા, ઉપ પ્રમુખ - શ્રી જય અંબે પરિવાર, સેક્ટર-૧૩ | | |
| ૩ | | ઉરેન લાલભાઈ પટેલ (ઉવારસદ)<br>મંત્રી - ગાંધીનગર જીલ્લા લેઉવા પાટીદાર સમાજ, મંત્રી - ફેડરેશન આઈટી એસો. ગુજરાત<br>પૂર્વ ઉપાધ્યક્ષ - ભાજપ ગાંધીનગર મહાનગર, વજ ઈન્ફોમીડીયા, સેક્ટર-૧૧<br>પૂર્વ પ્રમુખ - આઈ.ટી. એસોસીએશન, ગાંધીનગર | | |
| ૭ | | ગણેશભાઈ શંકરલાલ પટેલ (ઐઠોર, તા. ઉંઝા)<br>ધંધો-ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર<br>પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર | | |
| ૯ | | ચંદુભાઈ હરિદાસ પટેલ (રીદ્રોલ, તા. માણસા)<br>ધંધો - બિલ્ડર , ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર<br>હાલ ચેરમેન - ધી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લી. | | |
| ૧૦ | | જયંતિભાઈ કાશીરામ પટેલ (જામળા)<br>ધંધો-ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર<br>ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર | | |
| ૧૩ | | બિપિનભાઈ બળદેવભાઈ પટેલ (કોલવડા)<br>ધંધો-ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર<br>ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર | | |
| ૧૪ | | ભરતકુમાર નારાયણભાઈ પટેલ (માણસા)<br>નિવૃત્ત બેંક એક્ઝીક્યૂટીવ , મેમ્બર ઓફ ધ બોર્ડ ઓફ મેનેજમેન્ટ - NNCB,<br>અમદાવાદ. બેન્કિંગ ટ્રેનર અને કન્સલટન્ટ | | |
| ૧૭ | | સંજય નવિનચંદ્ર પટેલ (કુડાસણ)<br>શ્રીરામ ઓપ્ટીકલ, શ્રીરામ ઝરોક્ષ<br>સેક્ટર ૨૧ | | |
| ૧૮ | | સાંકાભાઈ જોઈતારામ પટેલ (જંત્રાલ, વિજાપુર)<br>નિવૃત્ત અગ્ર રહસ્ય સચિવ વર્ગ-૧ (મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય), સ્થાપક પ્રમુખ સદભાવ ટ્રસ્ટ<br>સ્થાપક ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર | | |
| ૧૯ | | સુભાષચંદ્ર નટવરલાલ પટેલ (રામપુરા - માણસા)<br>વેપારી તથા બિલ્ડર, ટ્રસ્ટી - કડવા પાટીદાર સમાજ, સેક્ટર-૧૨<br>ઉમા ટ્રેડીંગ કંપની (એશીયન પેઈન્ટ), સેક્ટર-૨૪ તથા સેક્ટર-૬<br>કન્વીનર : ભાજપ પ્રદેશ વેપાર સેલ, સ.મંત્રી : ૪૮ કડવા પાટીદાર સમાજ, માણસા | | |
| મહિલા વિભાગ ૨ મત ફરજિયાત આપવા | | | | |
| ૨ | | નિરૂપા અરવિંદભાઈ પટેલ (માણસા)<br>સામાજીક કાર્યકર<br>જે.પી. ડેકોરેટર્સ- જીવિબા પાર્ટી પ્લોટ, કોબા અડાલજ રોડ | | |
| ૩ | | નિશાબેન હિરેનકુમાર પટેલ (વાવોલ)<br>અંબિકા પેટ્રોલિયમ (વાવોલ)<br>અંબિકા ટાયર્સ (MRF TYRES), સેક્ટર ૫ | | |
| અનુ.જાતિ - અનુ.જનજાતિ વિભાગ - ૧ મત ફરજિયાત આપવો | | | | |
| ૨ | | જયંતિભાઈ સદાભાઈ ડાભી (પલિયડ)<br>ધંધો - બિલ્ડર, ઉપ પ્રમુખ એસ. સી. મોરચા, ભાજપ ગાંધીનગર મહાનગર ,<br>ગાંધીનગર વણકાર સમાજ સલાહકાર સમિતિના સભ્ય | | |

આપનો કિંમતી અને પવિત્ર મત વિકાસ પેનલના પ્રતિક ઘોડાના નિશાનને આપી અપાવી ભવ્ય વિજય અપાવો...

ચૂંટણી તારીખ : ૦૪/૦૮/૨૦૨૪, રવિવાર, સમય : ૮.૦૦ થી ૫.૦૦ કલાકે
સ્થળ : સરકારી પ્રાથમિક શાળા, અપના બજારની પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.